# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

(નાણા વિભાગ)

ગુજરાત સરકાર
Govt of Gujarat

"વીમા અને લેખા ભવન"
બ્લૉક નં.૧૭,
ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ,
જુના સચિવાલય, એમ.એલ.એ. ક્વાટર્સની સામે,
સેકટર-૧૦/બી, ગાંધીનગર (ગુજરાત)- ૩૮૨૦૧૦
E-mail address: supt-tc-dat@gujarat.gov.in

(તિજોરી નિયંત્રણ શાખા)
(૦૭૯) ૨૩૨૫૪૪૪૦ (સંયુક્ત નિયામક)
(૦૭૯) ૨૩૨૫૪૪૧૧ (નાયબ નિયામક)
(૦૭૯) ૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
(૦૭૯) ૨૩૨૫૪૯૯૪ (ટી.સી. બ્રાંચ)
(૦૭૯) ૨૩૨૫૫૮૬૪(ટી.સી. બ્રાંચ-પેન્શન)

હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/જનરલ/૨૦૨૫/૨૮૭૯-૧/૧૯-૨૩ તા.૦૫/૦૬ /૨૦૨૫

પ્રતિ,

શ્રેયાન તિજોરી/જિલ્લા તિજોરી અધિકારીશ્રી,

પેન્શન ચુકવણા/જિલ્લા તિજોરી કચેરી,

તમામ.

વિષય:- ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના બાબત

સંદર્ભ:- 1) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૧૫/૦૫/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક:-HFWD/PM/e-file/7/2025/0214/A-1

2) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૮/૦૫/૨૦૨૫ નો પરિપત્ર ક્રમાંક:- HFWD/PM/e-file/7/2025/0214/A-1

શ્રીમાન/મહોદયા,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સંદર્ભ-૨ દર્શિત પરિપત્રથી ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજન (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ) અંગે જરૂરી સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. જેનાં અનુક્રમ નંબર-૨ માં જણાવ્યા મુજબ આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીઓ પાસે PMJAY યોજનાનું કાર્ડ હોવું આવશ્યક છે. આ કાર્ડ ફાળવવાની કામગીરી SHA (STATE HEALTH AGENCY) ને સોંપવામાં આવેલ છે. આ માટે રાજ્ય સરકારનાં અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનરોનાં કિસ્સામાં ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ નાં નિયમ ૨.૨ માં જણાવેલ કુટુંબની વ્યાખ્યા મુજબ અને ALL INDIA SERVICES (AIS) નાં અધિકારીઓનાં કિસ્સામાં તેઓને લાગુ પડતા ALL INDIA SERVICES (MEDICAL ATTENDANCE) RULES,1954 માં જણાવેલ કુટુંબની વ્યાખ્યા મુજબની પાત્રતા ધરાવતાં હોય તેવા તેમનાં આશ્રિત કુટુંબીજનોની વિગતો દર્શાવતું પ્રમાણપત્ર આપવાનું થાય છે.

સદર પરિપત્રનાં અનુક્રમ–૩ થી જણાવ્યાં મુજબ ઉપર્યુક્ત વિગતોએ ALL INDIA SERVICES (AIS) અને રાજ્ય સરકારનાં પેન્શનર જે જિલ્લા તિજોરી કચેરી /પેટા તિજોરી કચેરી/ પેન્શન ચુકવણાં કચેરી ખાતેથી પેન્શન મેળવતા હોય તે જિલ્લાનાં જિલ્લા તિજોરી અધિકારી/ પેટા તિજોરી અધિકારી/ પેન્શન

ચુકવણાં અધિકારી/ પગાર અને હિસાબ અધિકારી દ્વારા અથવા વિકલ્પે, જે કચેરીમાંથી નિવૃત્ત થયા હોય તે કચેરીનાં વડાએ સદર પરિપત્ર સાથે સામેલ નિયત નમુનામાં પ્રમાણપત્ર આપવા જણાવેલ છે.

ગુજરાત તબીબી સારવાર નિયમો-૨૦૧૫ ના નિયમ નં-૨.૨ મુજબ કુટુંબની વ્યાખ્યામાં સમાવિષ્ટ કુટુંબના સભ્યો જેઓના નામ પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ નિયામકની કચેરી/સહાયક નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી દ્વારા ઈશ્યુ થયેલ જિલ્લા તિજોરી/પેન્શન ચુકવણા કચેરી ખાતે ઉપલબ્ધ પેન્શન ચુકવણી હુકમ(પીપીઓ બુક) માં દર્શાવેલ હોય તે મુજબ ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના ( કેસલેસ હેલ્થ બેનીફિટ પેકેજ) અંતર્ગત પ્રમાણપત્ર આપવાની કામગીરી જિલ્લા તિજોરી/પેન્શન ચુકવણા કચેરીએ કરવાની રહેશે.

નોંધ પર માન.નિયામકશ્રીની મંજુરી મેળવેલ છે.

(ડી.એમ.જોધ્ધા)
નાયબ નિયામક
તિજોરી નિયંત્રણ

નકલ સવિનય રવાના:-

- નાયબ સચિવશ્રી, "પી" શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં
- નાયબ સચિવશ્રી, "એ-૧" શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.